RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 04 Date: 24.10.2023,Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાન હામૂન એક્ટિવ:ઓડિશા-પશ્ચિમ બંગાળમાં અસર



ભુવનેશ્વર,તા.૨૩

અરબી સમુદ્રમાં ચક્રવાત તેજ બાદ બંગાળની ખાડીમાં એક નવું ચક્રવાત બની રહ્યું છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ એક બુલેટિનમાં જણાવ્યું છે કે બંગાળની ખાડી પર એક ડીપ ડિપ્રેશન બની રહ્યું છે. સોમવારે સાંજ સુધીમાં તે ચક્રવાતમાં ફેરવાઈ જશે. આ ચક્રવાતી તોફાનને હામુન નામ આપવામાં આવ્યું છે. ઈરાને આ નામ આપ્યું છે. રવિવારે રાત્રે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધ્યા પછી સિસ્ટમ હાલમાં પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી પર સ્થિત છે. તે ઓડિશામાં પારાદીપથી લગભગ ૪૦૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમ અને પશ્ચિમ બંગાળમાં દિઘાથી ૫૫૦ કિમી દક્ષિણ-દક્ષિણપશ્ચિમમાં કેન્દ્રિત છે. ચક્રવાતના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારમાંથી લોકોને સ્થળાંતર કરવાના આદેશ આપવામાં આવ્યા છે.

આઈએમડીના જણાવ્યા અનુસાર, નીચા દબાણનો વિસ્તાર આગામી ૧૨ કલાકમાં ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. તે ધીમે ધીમે ઉત્તર અને ઉત્તરપૂર્વ તરફ આગળ વધશે. તે ૨૫ ઓક્ટોબરની સાંજની આસપાસ ખેપુપારા અને ચિત્તાગોંગ વચ્ચે બાંગ્લાદેશના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે. આ દરમિયાન, ઓડિશા સરકારે તમામ જિલ્લા કલેક્ટરને કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવા જણાવ્યું છે અને વહીવટીતંત્રને ભારે વરસાદના કિસ્સામાં નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સ્થળાંતર કરવાનો નિર્દેશ આપ્યો છે.

હવામાનશાસ્ત્રી યુ.એસ. દાસે કહ્યું કે, ચક્રવાત હામૂન ઓડિશાના કિનારેથી લગભગ ૨૦૦ કિમી દૂર દરિયામાં જશે. તેમણે કહ્યું કે તેની અસરને કારણે આગામી બે દિવસમાં દરિયાકાંઠાના ઓડિશામાં કેટલાંક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું કે કેઓંઝર, મયૂરભંજ અને ઢેંકનાલ સિવાય ઉત્તર અને દક્ષિણ તટીય જિલ્લાઓમાં કેટલાંક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડશે. મત્સ્યોદ્યોગ અને પ્રાણી સંસાધન વિકાસ વિભાગે માછીમારોને ઊંડા સમુદ્રમાં ન જવાની સલાહ આપી છે.હવામાન વિભાગે પશ્ચિમ બંગાળના પૂર્વ મેદિનીપુર, કોલકાતા અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ભાગોમાં વીજળી અને મધ્યમ વરસાદ સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

ગુજરાત માથે હાલ બે-બે વાવાઝોડાની સ્થિતિના ભણકારા વાગી રહ્યા હતા. પરંતુ હવે વાવાઝોડાની અસર મામલે હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહંતીનું નિવેદન સામે આવ્યું છે અને તેમણે જણાવ્યું કે ગુજરાતમાં આગામી પાંચ થી સાત દિવસ વરસાદની હાલ કોઈ શક્યતા નથી અને વાવાઝોડાની અસર પણ ધીમી પડી રહી છે. તેઓએ તેજ વાવાઝોડા અંગે માહિતી આપતા જણાવ્યું કે આ સાયક્લોન હવે વેરી સિવિયરમાંથી નબળું પડીને સિવિયર સાઈકોલોન બની ગયું છે અને તેમની ડાયરેક્શન નોર્થ વેસ્ટ બાજુ છે. જે યમન કોસ્ટને ૨૪મી ઓક્ટોબરના રોજ ક્રોસ કરે તેવી શકયતા જોવા મળી રહી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહંતીના જણાવાયા અનુસાર ગુજરાતમાં આગામી પાંચ દિવસ વરસાદની શક્યતા નથી અને મહત્તમ તથા લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર થાય તેવું કોઈ શક્યતા જોવાય રહી નથી. હાલ સવારનું તાપમાન ૩૬ થી ૩૮ ડિગ્રીનું રહેશે અને રાતના તાપમાનમાં ૨૧ થી ૨૪ સુધી રહે તેવું જણાઈ રહ્યું છે. આ વાવાઝોડાની ગુજરાતને વધુ અસર કરે તેવી કોઈ શકયતા નથી પરંતુ તેમની અસરના ભાગરૂપે બનાસકાંઠાના ઇકબાલગઢમાં વરસાદ શરૂ થઈ ચૂક્યો છે. ચોમાસાની સત્તાવાર વિદાય વચ્ચે પણ વરસાદ ત્રાટકતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કારણ કે એક બાજુ મગફળી કપાળ સહિતનો પાક તૈયાર છે. ત્યારે ખેડૂતોનાં મગફળીના પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હાલ જિલ્લા ભરમાં વાદળછાયું વાતાવરણ છવાયુંછે.

વાવાઝોડાની ગુજરાત પર અસર અંગે તેઓએ જણાવ્યું કે હાલ વાવાઝોડાની ગુજરાત પર કોઈ અસર થાય તેવી સંભાવના વર્તાઈ રહી નથી. એટલું જ નહીં ગુજરાતના દરિયાકાંઠે પણ કોઈ સમસ્યા આવે તેવી શક્યતાઓ નથી પરંતુ માછીમારોને સતર્કતા રાખવા જણાવાયું છે.નોંધનીય છે કે ભારતીય હવામાન વિભાગ દ્વારા આજે તેજ વાવાઝોડુ ક્યાં અને કઈ દિશામાં આગળ વધી રહ્યું છે? તે મામલે સવારે ૩.૨૩ કલાકે અપડેટ આપવામાં આવ્યું હતું જેમાં જણાવ્યા અનુસાર વાવાઝોડું નોર્થ વેસ્ટ મૂવ થઇ શકે છે અને વેરી સિવિયર સાયક્લોન થઈને ૨૪ ઓક્ટોબરની આસપાસ યમનની નજીક યમનના દરિયાકાંઠાને પાર કરવાની સંભાવના છે.

## હિઝબુલ્લા હમાસને ઈરાનમાંથી અને ઉ.કોરિયામાંથી શસ્ત્રો પહોંચાડે છે

નવીદિલ્હી,તા.૨૩

ઈઝરાયલ-હમાસ યુદ્ધ કંઈ અમસ્તું અને એકાએક શરૂ નથી થયું. તેની પાછળ કેટલાયે દેશો અને સંગઠનોની મહત્વની ભૂમિકા છે. હમાસ ઉપર કરેલી ઈઝરાયલની કાર્યવાહી દરમિયાન તેના અનેક પુરાવા મળી આવ્યા છે. ઈઝરાયલી સેનાને હમાસ આતંકીઓ પાસેથી ઈરાનના અને ઉ.કોરિયાનાં કેટલાંયે શસ્ત્રોનો જથ્થો મળી આવ્યો છે, ત્યારે લેબેનોનનાં ખતરનાક ઈસ્લામિક સંગઠન હિઝબુલ્લાએ કહ્યું કે, આ યુદ્ધમાં અમારી મહત્વની ભૂમિકા છે. તેણે ખુલ્લી રીતે તે વાત જણાવી છે.

લેબેનોનનાં કટ્ટરપંથી આ ઈસ્લામિક સંગઠને વધુમાં કહ્યું છે કે જો ઈઝરાયલ ગાઝાપટ્ટી ઉપર ભૂમિ ઉપરથી આક્રમણ કરશે, તો તેને તેની ભારે કિંમત ચુકવવી પડશે.

હિઝબુલ્લાના ઉપનેતા શેખ નઈમ કાસીમે આ કથન તે સમયે કર્યું છે કે જ્યારે ઈઝરાયલે દ.લેબેનોનમાં બોમ્બમારો કર્યો અને ડ્રોનથી હુમલા શરૂ કર્યા છે. તથા રોકેટ અને મિસાઈલ્સ છોડયા હતા. આ હુમલામાં છ આતંકીઓ માર્યા ગયા હતાં.કાસીમે કહ્યું કે, 'લેબેનોન-ઈઝરાયલ સરહદે તણાવ ઉભો કરવા પાછળ સ્પષ્ટ ઉદ્દેશ છે, અમે યહુદી દુશ્મનોને કમજોર કરવા પ્રયત્નો કરી રહ્યા છીએ.' જો ઈઝરાયલ ગાઝામાં ભૂમિ ઉપરથી હુમલા શરૂ કરશે તો હિઝબુલ્લા યુદ્ધમાં જોડાઈ જશે.

વાસ્તવમાં હમાસે દક્ષિણ ઈઝરાયલ ઉપર ૭ ઓક્ટોબરે અકારણ અને ઓચિંતા હુમલા શરૂ કર્યા પછી ઈઝરાયલે ગાઝાપટ્ટીની ઘેરાબંધી શરૂ કરી દીધી છે, અને વળતા હુમલા શરૂ કરી દીધા છે.

શનિવારે ઈજીપ્ત અને ગાઝાપટ્ટી વચ્ચેની સરહદ ઈજીપ્તે ખોળી નાખી છે, તે પછી આશરે બે સપ્તાહ પછી પાણી, ભોજન, અને દવા માટે વલખા મારતા પેલેસ્ટાઈનીઓને સહાય પહોંચવી શરૂ થઈ ચૂકી છે.

આ સાથે નિરીક્ષકો કહે છે કે, ઈરાન સમર્થિત હિઝબુલ્લા ઉત્તર ઈઝરાયલ ઉપર વ્યાપક રીતે હુમલા કરી ઈઝરાયલ-હમાસ યુદ્ધમાં નવો મોર્ચો ખોલવા પ્રયત્ન કરી રહ્યું છે.

## મોરબી બ્રિજ દુર્ઘટના:એસઆઈટીની એકતરફી તપાસ, ન.પા, કલેક્ટર, ચીફ ઓફિસર પણ આ ઘટના માટે જવાબદાર', લલિત કગથરાના આક્ષેપ



ગાંધીનગર,તા.૨૩

ગત વર્ષે મોરબીનો ઝૂલતો પૂલ ધરાશાયી થતાં ૧૩૫ જેટલા નિર્દોષ લોકોની જિંદગી હોમાઈ ગઈ હતી. ઓરેવા કંપની દ્વારા આ ઝૂલતા પૂલનું રિનોવેશન કરાવવામાં આવ્યું હતું. જે સમારકામની કામગીરી એકદમ નબળી કરવામાં આવી હતી તેવું તપાસમાં સામે આવ્યું હતું. જે બાદ કંપનીના માલિક જયસુખ પટેલ સહિત જવાબદાર તમામ નિર્દોષ લોકોને જેલ હવાલે કરી દેવાયા છે. જે મામલે તપાસ અને કાર્યવાહીનો ધમધમાટ ચાલી રહ્યો છે. ત્યારે ફરી એકવાર કોંગ્રેસ નેતાઓએ ઝૂલતા પૂલ દુર્ઘટનાના મુખ્ય આરોપી જયસુખ પટેલને નિર્દોષ ગણાવ્યા છે અને જીૈની તપાસ પર ગંભીર આક્ષેપો કર્યા છે.

ોરબી દુર્ઘટના મામલે કોંગ્રેસના નેતાઓ લલિત કગથરા, લલિત વસોયા અને ડૉ.કિરીટ પટેલે પત્રકાર પરિષદ યોજી. જેમાં લલિત કગથરાએ કહ્યું કે, દુર્ઘટનાનો જીૈનો રિપોર્ટ એક તરફી છે. જેમાં અધિકારીઓને બચાવવા કોન્ટ્રાક્ટરોને હેરાન કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં લલિત કગથરાએ ઓરેવા ગ્રુપના માલિક જયસુખ પટેલને ખોટી રીતે હેરાન કરવામાં આવતા હોવાનો પણ આરોપ લગાવ્યો છે અને મોરબી કલેક્ટર, નગરપાલિકાના ચીફ ઓફિસર વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરી છે.

એસઆઈટીએ મોરબી દુર્ઘટના અંગે એકતરફી તપાસ કરી હોવાનો લલિત કગથરાએ આરોપ લગાવ્યો છે. તેઓએ જણાવ્યું છે કે, આ દુર્ઘટના માટે નગર પાલિકા, કલેક્ટર, ચીફ ઓફિસર પણ જવાબદાર છે. ૧૯૯૫થી ૨૦૦૭ વચ્ચે ૨ વખત કંપનીને સંપૂર્ણ સમારકામનું કામ સોંપાયું હતું. ૨૦૨૨ની ચૂંટણી પહેલા માનવસર્જિત ભયંકર દુર્ઘટના બની ગઈ હતી. દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા, દુર્ઘટનાને લઈ હું દિલથી દિલાસો આપું છું. જ્યારે દુર્ઘટના બની ત્યારે ચૂંટણીનો અંતિમ સમય હતો. આ દુર્ઘટના પર તંત્રના અધિકારીઓને બદલે કંપનીના કર્મીઓને જવાબદાર ઠેરવ્યા આવી રહ્યા છે. કંપનીના કર્મચારીઓને પકડી તંત્ર જવાબદારીમાંથી છટકી રહ્યું છે.

કગથરાએ કહ્યું કે, કલેક્ટરની સૂચના મુજબ એગ્રીમેન્ટના મુદ્દા નક્કી થયા હતા. મોરબી કલેક્ટર અને નગરપાલિકા પણ આ ગુના માટે જવાબદાર ગણાય. એગ્રીમેન્ટ ડ્રાફ્ટ નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા તૈયાર કરાયો હતો, જેમાં બધા સહમત હતાં. સીટના રિપોર્ટ પ્રમાણે ફક્ત ઓરેવા બધી બાબતો માટે જવાબદાર કેમ? એગ્રીમેન્ટ મુજબ કલેક્ટર અને મોરબી નગરપાલિકા જવાબદાર કેમ નહીં? ચૂંટણીનું વર્ષ હોવાથી સરકારે કંપનીના માલિકની ધરપકડ કરી છે. આમાં ઓરેવાની જેટલી જવાબદારી છે એટલી જ કલેક્ટરની જવાબદારી છે. માત્ર ઓરેવા ગ્રુપને ટાર્ગેટ કરવામાં આવી રહ્યું છે.

તેઓએ કહ્યું કે,એસઆઈટીએ માત્ર એક તરફી તપાસ કરી છે. ઓરેવા ગ્રુપને હોળીનું નાળિયેર બનાવવામાં આવ્યું છે. અમારી માંગ છે કે મોરબી કલેક્ટર, નગરપાલિકાના ચીફ ઓફિસર વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. જો સાચી તપાસ નહીં થાય તો આંદોલન કરવામાં આવશે. અમે સામાજિક સંસ્થાઓને એકત્ર કરી અમારી વાત સરકાર સમક્ષ મુકીશું.

પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ કહ્યું કે, સરકારે જયસુખ પટેલ સામે લગાવેલા ચાર્જ કલેક્ટર ઉપર પણ લાગવા જોઈએ. આ ઉપરાંત નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહી થવી જોઈએ. સરકારે પોતાને બચાવવા માટે જયસુખ પટેલને બલિનો બકરો બનાવ્યો છે. અમે જયસુખ પટેલનો બચાવ નથી કરતાં, પરંતુ સરકારે જે ચાર્જ લગાડ્યા છે તે કલેક્ટર અને અધિકારીઓ સામે લગાવવા જોઈએ.

તો પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ કહ્યું કે, હું લલિત ભાઈની વાતને સમર્થન આપું છું, છેલ્લા ઘણા સમયથી પાટીદાર સમાજના ઉદ્યોગપતિ સામે એક તરફી તપાસ કરવામાં આવી રહી છે. પાટીદાર સમાજના કોન્ટ્રાક્ટરો, બિલ્ડરો સામે એક તરફી તપાસ થાય છે.

## ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ ૨૬ ઓકટોબર સુધી લંબાવવામાં આવ્યો

ઈમ્ફાલ,તા.૨૩

મણિપુરના સરહદ વિસ્તારોમાં પોલીસ કમાન્ડોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. મ્યાનમારની સરહદે આવેલા મોરેહ શહેરમાં આદિવાસી મહિલાઓનો એક વર્ગ છેલ્લા ૩ દિવસથી આનો વિરોધ કરી રહ્યો છે.

આદિવાસી સંગઠન કુકી ઈમ્પી અને કમિટી ઓન ટ્રાઈબલ યુનિટીએ દાવો કર્યો છે કે ઈમ્ફાલ ખીણની સરખામણીએ શહેરમાં વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવી રહ્યા છે. આ શાંતિને ખલેલ પહોંચાડી શકે છે. જયારે, રાજયમાં હિંસાની ઘટનાઓને કારણે ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ ૨૬ ઓકટોબરસુધી લંબાવવામાં આવ્યો છે.

કુકી ઈમ્પી સંસ્થાનો દાવો છે કે શહેરના બફર ઝોનમાં મોટી સંખ્યામાં અર્ધલશ્કરી દળો અને ભારતીય સેનાના જવાનો તૈનાત છે. આ હોવા છતાં, ટેંગનોપલ જિલ્લાના કુકી પ્રભુત્વવાળા નગર મોરેહમાં રાત્રે હેલિકોપ્ટર દ્વારા વધારાની મૈતેઇ પોલીસ તૈનાત કરવામાં આવી રહી છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાં તાજેતરના ઓપરેશનમાં શસ્ત્રો અને દારૂગોળાની રિકવરી કુકી સમુદાયને બદનામ કરવા માટે કરવામાં આવી છે.એટલા માટેઅમે વિરોધ કરી રહ્યા છીએ. જયારે, સૈન્ય અધિકારીઓનું કહેવું છે કે આસામ રાઈફલ્સના કમાન્ડન્ટ અને અન્ય સુરક્ષા અધિકારીઓએ છેલ્લા કેટલાક દિવસોમાં પ્રદર્શનકારીઓ સાથે ઘણી વખત વાતચીત કરી હતી,પરંતુ હજુ સુધી આ મુદ્દો ઉકેલાયો નથી.

## ઈઝરાયેલ હમાસ યુદ્ધ વચ્ચે બાળકોના શરીર પર માતા પિતા બનાવડાવી રહ્યા છે ટેટૂ

નવીદિલ્હી,તા.૨૩

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં નાગરિકોનો ભોગ લેવાઈ રહ્યો છે. એવા રિપોર્ટ્સ છે કે આવી મુશ્કેલ પરિસ્થિતિમાં ગાઝામાં માતા પિતા પોતાના બાળકોના શરીર પર ટેટૂ ત્રોફાવી રહ્યા છે. જેથી કરીને હુમલામાં જો તેઓ માર્યા જાય તો તેમની ઓળખ થઈ શકે. આંકડા જણાવી રહ્યા છે કે હાલ ચાલી રહેલા સંઘર્ષમાં ૪ હજારથી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ બાળકોના હાથ અને પગમાં અરબી ભાષામાં તેમના નામ છૂંદાવી રહ્યા છે. કેટલાક વીડિયોમાં નજરે ચડી રહ્યુ છે કે ચાર બાળકોના સંઘર્ષમાં મોત થયા હતા. તેમાં તમામ ચાર બાળકો મડદાઘરમાં જોવા મળી રહ્યા છે જ્યાં તેમના પગ પર નામ છૂંદાવેલા છે. હાલ એ સ્પષ્ટ નથી કે આ બાળકોના માતા પિતા જીવિત છે કે નહીં.

એવું કહેવાય છે કે હાલની સ્થિતિમાં આ પ્રક્રિયા ખુબ સામાન્ય થઈ ગઈ છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં દર્દીઓ પહોંચી રહ્યા છે. બાળકો સહિત અનેક ઘાયલો કોરિડોરમાં સૂતેલા છે.

અત્રે જણાવવાનું કે ઈઝરાયેલી ફાઈટર વિમાનોએ આખી રાત અને રવિવારે આખો દિવસ ગાઝામાં વિવિધ ઠેકાણે હુમલાની સાથે સીરિયામાં બે એરપોર્ટ અને વેસ્ટ બેંકમાં એક મસ્જિદને નિશાન બનાવી. જેનો ઉપયોગ આતંકીઓ કરી રહ્યા હતા. આ સાથે જ હમાસ સાથે ચાલી રહેલું યુદ્ધ અન્ય મોરચે પણ ભડકે તેવી આશંકા છે.

અનેક દિવસોથી એવું લાગી રહ્યું છે કે ઈઝરાયેલ સાત ઓક્ટોબરે હમાસ દ્વારા થયેલા અપ્રત્યાશિત હુમલાની પ્રતિક્રિયા રૂપે ગાઝામાં જમીની આક્રમણ શરૂ કરવાની તૈયારીમાં છે. સરહદ પર ટેંકો અને હજારો સૈનિકો ગોઠવાયેલા છે. ઈઝાયેલી સેનાના પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હાગેરીએ કહ્યું કે દેશે ગાઝામાં હવાઈ હુમલા વધાર્યા છે. જેથી કરીને યુદ્ધના આગામી તબક્કામાં સૈનિકો માટે જોખમ ઓછું થઈ શકે.

## તંત્રી લેખ......

# દિલ્હી નહીં,ઘણા શહેરોમાં હવાની ગુણવત્તા 'ખૂબ નબળી' તરીકે નોંધવામાં આવ્યા

દેશની હવા સતત પ્રદૂષિત થઈ રહી છે. આ ક્રમમાં, સોમવારે નેશનલ કેપિટલ રિજનના ઘણા શહેરોમાં હવાની ગુણવત્તા 'ખૂબ નબળી' તરીકે નોંધવામાં આવી હતી. અન્ય ઘણા શહેરોમાં પણ ઉચ્ચ હવા ગુણવત્તા સૂચકાંકના આંકડા નોંધાયા છે.સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અનુસાર, ગ્રેટર નોઈડા, દિલ્હી, ફરીદાબાદ અને મુઝફ્ફરનગર એવા શહેરોમાં સામેલ છે જ્યાં હવાની ગુણવત્તા સૌથી ખરાબ છે.

સીપીસીબીએ સૌથી ખરાબ હવા ધરાવતા ટોપ ૧૦ શહેરોની યાદી જાહેર કરી છે. આમાં ગ્રેટર નોઈડા પહેલા નંબર પર છે. અહીં હવા ગુણવત્તા સૂચકાંક ૩૫૪ પર નોંધાયો હતો, જે ખૂબ જ નબળી શ્રેણીમાં છે. તે જ સમયે, ઉત્તર પ્રદેશના ફરીદાબાદમાં ૩૨૨ અને દિલ્હીમાં ૩૧૩નો એકયુઆઇ નોંધવામાં આવ્યો છે. તે સ્પષ્ટ છે કે અહીંની હવા પણ ખૂબ પ્રદૂષિત છે.

આ સિવાય ઘણા શહેરોની હવાની ગુણવત્તા ખરાબ હોવાનું નોંધવામાં આવ્યું હતું. મુઝફ્ફરનગરનો એકયુઆઇ ૨૯૯, હરિયાણાના બહાદુરગઢમાં ૨૮૪, માનેસરમાં ૨૮૦ અને રાજસ્થાનના ભરતપુર અને ભિવડીનો હવા ગુણવત્તા સૂચકાંક ૨૬૧ નોંધવામાં આવ્યો છે. જ્યારે હરિયાણાના કુરુક્ષેત્રમાં હવા ગુણવત્તા સૂચકાંક ૨૫૬ નોંધાયો હતો. જ્યારે મેરઠમાં ૨૫૩, ગાઝિયાબાદમાં ૨૪૬ અને કરનાલમાં ૨૪૩ એકયુઆઇ નોંધાયો હતો.નબળી ગુણવત્તાવાળા ટોચના ૧૦ શહેરોની યાદી જોઈએ તો ગ્રેટર નોઈડા ૩૫૪,ફરીદાબાદ ૩૨૨,દિલ્હી ૩૧૩,મુઝફ્ફરનગર ૨૯૯,બહાદુરગઢ ૨૮૪,માનેસર ૨૮૦,કૈથલ ૨૬૯,બલ્લબગઢ ૨૬૪,ભરતપુર ૨૬૧,ભીવાડી ૨૬૧

કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટની પેટા સમિતિએ આગામી દિવસોમાં હવાની ગુણવત્તા વધુ બગડવાની શક્યતા વ્યક્ત કરી છે. પેટા સમિતિએ ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના બીજા તબક્કા મુજબ ૧૧-પોઇન્ટનો એક્શન પ્લાન અમલમાં મૂક્યો હતો. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યું હતું કે દિલ્હીમાં ઠંડી વધવા લાગી છે અને પવનની ગતિ ઓછી થઈ છે, જેનાથી પ્રદૂષણ વધી શકે છે. જીઆરએનો બીજો તબક્કો દિલ્હીમાં લાગુ કરવામાં આવ્યો છે.જીઆરએપી ફેઝ ટુના ઉકેલ અંગે ચર્ચા કરવા માટે તમામ સંબંધિત વિભાગો સાથે બેઠક બોલાવવામાં આવી છે. તેમણે વધુમાં કહ્યું, 'હવામાન આપણા હાથમાં નથી, પરંતુ બગડતી પરિસ્થિતિને નિયંત્રિત કરવાની જરૂર છે જેથી લોકોના સ્વાસ્થ્ય પર પ્રદૂષણની અસર શક્ય તેટલી ઓછી થાય.'

# બાળકો.ને એક એવું સ્થળ અને. સાથ.જોઈએ કે.જ્યા તે ખીલી.શકે

શહેરોમાં ઠેર ઠેર ગરબાના મોટા આયોજનો થયા છે.ક્યાંક શ્રધ્ધા જોવા મળે છે તો ક્યાં ગરબે ઘૂમી ઘૂમીને નિજાનંદમા મસ્ત રહેતા યુવાનો છે તો કયાક આછકલાઈ અને સભ્યતાની મર્યાદાને ઓળંગનારા યુવક યુવતીઓ પણ જોવા મળે છે.

હવે તો યુવાનો તો ઠીક કિશોરોને પણ નિયંત્રણ સ્વીકાર્ય નથી.જે વાત મોટાઓ માટે ચોંકાવનારી હતી તે હવે યુવાનો માટે સહજ છે.સમય સાથે મૂલ્યો એટલી ઝડપથી બદલાયા છે કે ઘણી વખત તો આધુનિક અને બિંદાસ ગણાતા માતાપિતા પણ આંચકો ખાય જાય.

આજે યુવક યુવતી સ્કૂલ કોલેજ ટાઈમથી જ ગ્રુપમાં ટ્રેકિંગ કે આઉટિંગ માટે જાય છે એક જ રૂમ શેર કરે છે.એમના માટે શારીરિક સબંધ એ બહુ મોટી વાત નથી.ગમતી વ્યક્તિ સાથે લગ્ન વગર સબંધ રાખવો એ એમના માટે શરમ કે નૈતિક મૂલ્યોનો વિષય નથી મોડી રાત સુધીમાં પાર્ટી કરવામાં એમને કોઈ અનૈતિકતા જણાતી નથી સ્મોકિંગ ડ્રિંક્સ ફેશન છે.ત્યારે આપણે મધ્યમવર્ગના સમાજની જંજીરથી બઁધાયેલા માતાપિતા શું કરી શકીએ?

માતાપિતાની બહુ મોટી ચિંતા છે કે એમને કેટલી અને ક્યાં છુટ આપવી? ક્યાં કન્ટ્રોલ રાખવો અને કઇ રીતે સમજાવવા?

નવાઈની વાત એ છે કે બાળકો વેબ સિરીઝ અને ના જોવાનું પણ ઘણું જોઈ લે છે.તેઓ આરામથી ખાસ પળોની વાત કરે છે અને અંગ્રેજીમા ગાળો બોલે છબાળ ક રડે તોડફોડ કરે સામું બોલે માતાપિતાની અન્ય સાથે સરખામણી કરે એમને નીચા પાડે અથવા તો પોતાની વાત ના માનતા સતત ઉદાસ રહે ભણે નહી ચિડચીડયા બની જાય ગુસ્સો કરે આવી વખતે માતાપિતા માટે આગળ ખાઈ પાછળ કુવા જેવો ઘાટ થાય તે વખતે બાળકોને કઇ રીતે સમજાવવા એ બહુ મુશ્કેલ કામ છે.

બાળકો માટે ખાવાપીવાની સ્કૂલની જરૂરી વસ્તુઓ ગેમ્સ એમની પસંદગી પ્રમાણે એમના માંગ્યા પહેલા જ આપો.ક્યારેક ગમતી વસ્તુઓની સરપ્રાઈઝ આપો.જેથી બાળકના મનમાં થશે કે માતાપિતા હમારું કેટલું ધ્યાન રાખે છે.બાળકને ખુબ નાની ઉંમરે બહાર એકલા ના મોકલવા હોય તો તમે જ કોઈ વખત ફેમિલી પ્રોગ્રામ બનાવો એમા બાળકોનો અભિપ્રાય લો એમનો ઈગો સઁતોષાય અને તેઓ એકલા જવાની જીદ ના કરે.

ઘણી વખતે એવું બંને છે કે માતાપિતા બાળકને શા માટે અમુક બાબતે ના પાડે છે કે નિયઁત્રણ મૂકે છે એના સચોટ કારણો સમજાવી શકતા નથી બાળક માટે કઈ ઉંમરે કઈ વસ્તુ યોગ્ય છે એ ઉદાહરણ સાથે વારંવાર સમજાવો તમારો ડર તમારી ચિંતા પણ જણાવો.ગુસ્સો કે બળજબરીને બદલે ઈમોશનનો સહારો લો.

બાળક મોબાઈલ હાથમા લે ત્યારે તમારી બાજ નજર એના પર રાખો તમે જાતે જ એમને જોવાલાયક મુવી રમવાલાયક ગેમ્સ યુ ટયુબ પ્રોગ્રામ સર્ચ કરીને આપો.ક્યારેક બાળક બનીને તમે પણ સાથે જુવો.

બાળકો આજે બહારની દુનિયા અને બહારના લોકોથી વધારે પ્રભાવિત થઈ રહ્યા છે કારણકે એમને સગવડોની સાથે સમય અને અને એટેનશન મળતું નથી સલાહ અને ટીકઓનો મારો બાળકોને ગૂંગાળાવે છે.બાળકોને એક એવું સ્થળ એવો સાથ જોઈએ છે કે જયા એ ખીલી શકે એને કોઈ જજ ના કરે

જો તમે ઘરમાં આવું વાતાવરણ આપી શકો તો માતાપિતાની વાત માનવા તૈયાર થશે.

આજના જમાનામાં બાળકોને સારી રીતે ઉછેરવા સંસ્કાર આપવા આપણી રીતભાત રહેણીકરણી સમજાવી મોટા કરવા ખુબ જ અઘરું કામ છે

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# સ્વતંત્રતાની લડાઈમાં મહત્વનું જીગરદાર યોગદાન આપનાર શહીદ અશફાક ઉલ્લા ખાન.




એક સાચા અર્થમાં જેમને નોજવાન કહી શકાય એવા સ્વતંત્રસેનાની અશફાક ઉલ્લા ખાનનો જન્મ ૨૨/૧૦/૧૯૦૦ ના દિવસે જમીનદાર કુટુંબમાં થયો હતો.તેમના ખાસ અંગત મિત્ર રામપ્રસાદ બિસ્મીલ હતા.તેમના કહેવાથી અશફાક સ્વતંત્રતા સંગ્રામમા જોડાયા હતા.

અશફાક જે વખતે ૭ મા ધોરણમાં હતા તે વખતે અંગ્રેજ પોલીસએ મેનપુરી ટ્રેન લુંટકાંડ માટે કેટલાકની ધરપકડ કરી તેનાથી અશફાક સ્વતંત્રતા ચળવળમા વધુ સક્રિય થયા હતા.આઝાદીની લડત માટે વધુ રકમ એકત્રિત કરવા અશફાક બિસ્મીલ સહિતના સાથીઓએ લખનો પાસેના કાકોરી રેલવે સ્ટેશને બ્રિટિશ સરકારનો ખજાનો લૂંટવાનું નક્કી કર્યું જે અનુસાર તેમણે ટ્રેનમાં લુંટ કરી ભૂગર્ભમા ઉતરી ગયા.

ત્યાંથી બે વરસ નેપાળ અને પછી કાનપુર થઈ દિલ્હી આવ્યા હતા જયા તેમની પોલીસે ધરપકડ કરતા લુંટ કેસમા બિસ્મીલ અશફાક અને લાહીરીને મોતની સજા થઈ હતી.

માત્ર ૨૭ વરસની ઉંમરે ઈન્કલાબ ઝિંદાબાદના નારા સાથે હસતે મોંએ ભારતમાતાને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરાવવાના નેક ઈરાદા સાથે ફાંસીના માચડે ચડનારા.ક્રાંતિકારી હિન્દુસ્તાન રીપબ્લિકન એસોસિઅનના સભ્ય.આઝાદી પહેલાના સાંપ્રદાયિક સોહાર્દના ઉત્તમ પ્રતીક જેવા અશફાક જેવા નીડર બહાદુર દિલેર નિર્ભય જેવા દેશભક્ત બહુ ઓછા જોવા મળે છે.આશફાકને ૧૯/૧૩/૧૯૨૭ ના રોજ ફાંસી અપાતા તેઓ શહીદ થયા હતા.

**અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત**

# સરકારી આંગણવાડીમાંથી ઉઠાવી લઇને રિસોર્ટ જેવી ફાઇવસ્ટાર અરે, સેવન સ્ટાર સગવડ આપતી પ્રિ પ્રાઇમરી સ્કૂલમાં પુત્રને પ્રવેશ અપાવવા ઉચ્ચ મહિલા અધિકારીને અનુરોધ

અરે રે રે રે( ગેસ સ્ટવ પર દૂધને ઉભરાતુ જોઈને અથવા ગરોળીને જોઈને વનિતાના મુખમાંથી આવો ઉદગાર નીકળે છે. સારસ બેલડીને ખંડિત થતી જોઈ વાલ્મીકિ ઋષિના ઉરમાંથી આક્રંદ વહેવા માંડેલું . જે રામાયણના લેખન માટે ઉદાપક બનેલું) તમે એક મહિલા અધિકારી છો. છતાં પણ આવું કેમ કર્યું? કેટલાક નિર્ણયો હોશમા, કેટલાક જોશમાં અને કેટલાક બેહોશમાં લેવાના હોય છે!!આપણે આઈ કોન છીએ. યુથ આઈ કોન છીએ. ઓકે પણ કાયમ આઈકોનનું પાટિયું ગળામાં ભરાવીને ફરવાનું ?

આપ મૃદુભાષી કે કઠોરભાષી છો એની અમને ખબર નથી. પણ આપ ગુજરાતીભાષી નથી એ અમને ખબર છે.,આપ ખપપૂરતુ ગુજરાતી બોલી લેતા હશો. ગુજરાતી ભાષામાં તલ જુઓ તેલની ધાર જુવો એવી કહેવત છે. અમે ગુજરાતી વેપારી પ્રજા છીએ. અમે અમારા નિર્ણયો દિલથી નહીં પણ દિમાગથી નિર્ણય કરીએ છીએ. કોઈ પણ નિર્ણય તર્ક અને તર્કથી લેવો જોઈએ. જેથી પાછળથી પસ્તાવું ન પડે!!

અરે રે આશું કર્યું? આવું કરાય? આપણને આવું શોભે? જાતે ચિબાવલા થવાની શી જરૂર ખરી?સરકારે આવું કરવા કહ્યું છે? સરકાર કહે તો ઉંટો કાઢ્યા ઢેકા તો માણસે ક્ર્યા કાઠા!! સરકાર રૂપી ઉંટ ગાંગરે રાખે આપણે પલાણ નાંખી દેવા. સરકાર ફરજિયાત કરે તો આપણે હોઠ સાજા તો ઉત્તર ઝાઝા. કહીને બહાના બતાવી દેવાય, શું સમજ્યા ?( શું ધૂળ ને ઢેફા સમજ્યા ? સમજ્યા હોત તો આવું બને જ નહીં.

તમને એક મજાની વાત કહું? ગુજરાતમાં એક સમયે અંગ્રેજી માધ્યમ અને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપવા માટે જોરદાર સંઘર્ષ ચાલતો હતો.,ભારતમાં અંગ્રેજી કેળવણી મેકોલેએ શરૂ કરાવેલી. એટલે અંગ્રેજી માધ્યમ મેકોલે માધ્યમ કહેવાતું. મગન દેસાઇ ગુજરાતી માધ્યમ અને મગન ઠાકોર અંગ્રેજી માધ્યમની વકીલાત કરતા હતા. જેટલા લોકો ગુજરાતી માધ્યમની વકીલાત કરતા હતા તેમાં અપવાદોને બાદ કરતા બહુધાનાં સંતાનો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા હતા!!!આવું સરકારી બાલમંદિર અગર શાળાઓનું છે!! મેડમ રેગ્યુલર નહીં પણ કોન્ટ્રેકટ પર સેવક- પટાવાળા ( કેટલાક લોકો પટાવાળાને આઈપીએસ કહે છે. આઈપીએસ એટલે ઈન્ડિયન પોલીસ સર્વિસ નહીં સમજવાનું પણ ઈન્ડિયન પ્યુન સર્વિસ સમજવાનું !! )પણ તેમના સંતાનો-પાલ્યોને સરકારી બાલમંદિરમાં નહીં પણ પ્રિ પ્રાઈમરી સ્કૂલમાં દાખલ કરે છે. ઈન્ડિયન પોલિસ સર્વિસ અને ઈન્ડિયન પ્યુન સર્વિસ બંને વચ્ચે બીજી સામ્યતા હોય કે ન હોય પણ બંનેની નિવૃતિવય ૬૦ વરસ છે!!અધિકારીઓ વારંવાર બેલ વગાડે ત્યારે અકળાયેલ પટાવાળા રોકડું પરખાવે કે તમે મારા અંડરમાં નથી.( પટાવાળાના કહેવાનું તાત્પર્ય હતું કે હું તમારો પટાવાળો નથી !!

મેડમ તમે આજે તમારા સુપુત્રને સદભાવના અને શુભાશયથી સરકારી આંગણવાડીમાં દાખલ કર્યો.તસવીરમાં કાંટા વચ્ચે ગુલાબ જેવો લાગે છે. આવા માસુમને સરકારી આંગણવાડીમાં રોળી નાંખવાનું? અત્યારે સગીર છે, નાસમજ છે, તમારા નિર્ણયને માથે ચડાવે છે .પણ મોટો થઈને પૂછશે ત્યારે મિનપિયાસીની કવિતા જેવું થશે??દેશમાં પ્રાઈવેટાઈઝેશનની બોલબાલા છે.પીળું એટલું સોનું અને ઉજળુ એટલું દૂધ નહીં.સરકારી આંગણવાડીમા ભણવાને લીધે તેની આઈઆઈટી, ડોકટર કે આઈએસની કેરિયર પર પૂર્ણ વિરામ મુકાઈ જશે તો? ટપોરી છોકરાની સંગતમાં ટપોરી બની જશે તો??રાઈટ ટુ એજયુકેશન હેઠળ મોંઘી સ્કૂલોમાં પ્રવેશ લેતાં ગરીબ પરિવારના બાળકોની દશા આગળ કૂવો અને પાછળ ખાઈ જેવી થાય છે. પૈસાદાર જેવી રહનસહન, શૈલી, સ્ટાઈલ આત્મસાત કરી શકે નહીં અને મનોમન હિજરાય. ધૂડી નિશાળમાં હીરો ગણાય એ આરટીઆઈ હેઠળની સ્કૂલોમાં ઝીરો બની જાય છે!!!

તમે ઓફિસર છો. સાહેબ પણ ઓફિસર હશે. બંનેની સારી આવક હશે !! બીજી પણ મોટી આવક હશે પછી શેના માટે લોભ કરો છો??બાળકના અભ્યાસ માટે દેવું થાય એ દેવું ન કહેવાય. આ ખર્ચ માનવસંશાધના વિકાસ માટે રોકાણ છે. જેનું હેન્ડસમ વળતર મળવાનું છે!! માણસ પેટે પાટા બાંધી દિકરી-દીકરીની સપના સાકાર કરે છે.

સો વાતની એક વાત . તમે તમારા લાડલાને સરકારી આંગણવાડીમાંથી ઉઠાવી લઈને રિસોર્ટ જેવી ફાઈવસ્ટાર અરે, સેવન સ્ટાર સગવડ આપતી પ્રિ પ્રાઈમરી સ્કૂલમાં પ્રવેશ અપાવી દો!!

ભરત વૈષ્ણવ..૨

# દશેરા આસુરીશક્તિ અને અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતિક છે

રામાયણ-રામચરીત માનસ અને અન્ય રામકથાઓમાં અનેક શબ્દોનો પ્રતિક રૂપમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.જેના ઐતિહાસિક મહત્વની સાથે આધ્યાત્મિક અર્થ પણ પ્રગટ કરે છે.જ્યાં સુધી ઈતિહાસના આ પાત્રો અને શબ્દોનો આધ્યાત્મિક અર્થ સમજાય ના ત્યાં સુધી તેની વિસંગતતા દૂર થશે નહી.અયોધ્યા એ હાલના ફૈજાબાદ જીલ્લાની જગ્યાએ હતી પરંતુ તુલસીદાસજી અયોધ્યાને કોઈ એક સ્થાન પુરતી સિમિત માનતા નથી પરંતુ કહે છે કે સોઈ અવધ જહૅ રામ નિવાસુ,સોઈ દિવસ જહૅ ભાનૂ પ્રકાશૂ..એટલે કે જ્યાં રામ છે તે જ અયોધ્યા.જેમ જ્યાં સૂર્ય ત્યાં દિવસ.પ્રતિક રૂપમાં અયોધ્યા શરીર છે અને તેના રાજા દશરથ જીવ છે.જે દશ ઈન્દ્રિયો ઉપર સવાર છે.જે જીવ બ્રહ્મજ્ઞાનીઓના કૂળમાં પેદા થાય છે તે જ્ઞાનવાન જ હોય છે.

દશરથનો અર્થ દશે ઈન્દ્રિયોને વશમાં કરનાર યોગી પુરૂષ છે.આવા સંયમી માનવદેહમાં જ રામ (જ્ઞાન) પ્રગટ થાય છે.ધ્યાનમાં રામ છે તો દેહમાં વસંત છે અને રામ ગયા તો બસ અંત છે.કૈકયીના ભોગ વિલાસમાં જીવરૂપી દશરથ ફસાઇ ગયા તો સંયમ સમાપ્ત થઈ ગયો અને રામ પણ દેહરૂપી અયોધ્યામાંથી નિકળી ગયા અને દશરથનું મરણ થયું.રામ વિના દેહરૂપી અયોધ્યાની આવી હાલત થઈ ગઈ.

લાગતિ અવધ ભયાવનિ ભારી,

માનહું કાલ રાતિ અંધિયારી,

ઘર મસાણ પરિજન જનું ભૂતા,

સૂત હિત મિત મનહૂઁ જમદૂતા..

દશરથરૂપી જીવના દેહમાં પહેલાં રામ(જ્ઞાન) પ્રગટ થયા પછી ભક્તિરૂપી સીતા પધાર્યા.આ જ્ઞાન અને ભક્તિ જીવને ક્યારે પ્રાપ્ત થાય? વ્યક્તિમાં પહેલાંથી ત્રણ શક્તિઓ હાજર હોય છે વિવેક શક્તિ,ઉપાસના શક્તિ અને ક્રિયા શક્તિ.આ ત્રણ શક્તિઓ જ જીવરૂપ દશરથની રાણીઓ છે.કૌશલ્યા વિવેક શક્તિ છે જેમની કોખથી બ્રહ્મજ્ઞાની રૂપી રામ પેદા થાય છે.સુમિત્રા ઉપાસના શક્તિ છે અને કૈકયી ક્રિયાશક્તિ છે.જીવનાં તપ અને વરદાન આ ત્રણે શક્તિઓમાં જ પહોચે છે ત્યારે જ જીવનમાં સમતોલપણું રહે છે.રાજા દશરથ દ્વારા ત્રણે રાણીઓને પાયસ પહોચાડવો અથવા ખીર વહેંચવાનો આ જ અર્થ છે અને આ જ કારણ છે કે કર્મ શક્તિથી ભક્તિનું સાક્ષાતરૂપ ભરત જેવો પૂત્ર તથા ઉપાસના શક્તિથી રામ ઉપાસક લક્ષ્મણ જેવો પૂત્ર જન્મ્યો હતો.

દશાનનઃ જેને દશ માથા હોય તેને દશાનન કહેવાય.જીવ વિજ્ઞાનીઓના મત અનુસાર દશ માથાનો માનવી અસંભવ છે એટલે તેનો પ્રતિક અર્થ જ ગ્રહણ કરવો જોઈએ.રામાયણ અનુસાર રાવણ એ મોહ છે જે દશેય ઈન્દ્રિયો(મુખ)થી માયાનો ભોગ કરતાં ક્યારેય થાકતો નથી અને રામને ઓળખવામાં અસમર્થ છે. તેનો ભાઈ કુંભકર્ણ અહંકાર છે.તેનો પૂત્ર મેઘનાથ કામ છે.અતિકાય નામનો રાક્ષસ લોભ છે,મહોદર મત્સર (ઈર્ષ્યા) છે, પાપિષ્ટ નામનો રાક્ષસ ક્રોધ છે, ખર દંભ છે, દુર્મુખ દ્વેષ છે અને અકંપન નામનો રાક્ષસ કપટ છે.મદ અને દર્પ પણ પીડાદાયક રાક્ષસો છે.રામ જ્ઞાન છે અને સીતા ભક્તિ છે.

આ મોહનો પરીવાર કામ ક્રોધ મદ લોભ મોહ મત્સર કપટ દંભ ઈર્ષ્યા દ્વેષ વગેરે અનેક પૂત્ર-પૂત્રીઓથી સંપન્ન એક વિશાળ પરીવાર છે.આવા વિશાળ રાક્ષસ પરીવારનો જન્મદાતા મોહરૂપી રાવણ સોનાની લંકાનો માલિક છે એટલે કે ધનસંગ્રહને જીવનનો ઉદ્દેશ્ય માની બેઠો છે.આટલા રાક્ષસોની વચ્ચે વિભિષણરૂપી જીવ તડપી રહ્યો છે જેનો રામ મિલનથી ઉદ્ધાર થાય છે.

દશરથ જ્ઞાનવાન જીવ છે જે માયામાં ફસાઈને રામનો ત્યાગ કરી દે છે પરંતુ વિભિષણ અજ્ઞાની જીજ્ઞાસુ જીવ છે જે રામ(જ્ઞાન)ને પ્રાપ્ત કરીને પરમાનંદ મેળવે છે અને પછી તેનામાં અવિચળ ભક્તિનો ઉદય થાય છે અને તેને પહેલાં સંત હનુમાન મળે છે પછી સદગુરૂ રામ અને પછી તેના કામ ક્રોધ લોભ સમાપ્ત થઈ જાય છે.

રાવણે તમામ દેવતાઓને કેદ કરી લીધા હતા તેનો અર્થ છે કે મોહ એ મોટા મોટા વિદ્વાનો,જ્ઞાનીઓ અને દેવતાઓને પણ પોતાની જાળમાં ફસાવી દીધા છે.આ બંધન કોઈ રામરૂપ ગુરૂ જ્ઞાનથી જ કપાય છે.

દશેરાઃ દશેરા આસુરીશક્તિ અને અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતિક છે.મોહરૂપી રાવણ ત્યારે જ મરે છે જ્યારે દશેરા(દશહરા) થાય એટલે કે દશે ઈન્દ્રિયોના વિષયોનું હરણ કરી લેવામાં આવે.મોહ કોઈ મામૂલી શત્રુ નથી.વારંવાર માથુ કાપવા છતાં ફરીથી જીવિત થઈ જાય છે એટલે કે જ્ઞાનથી વારંવાર દબાવવા છતાં ફરીથી મોહિત કરી લે છે.મોહનો અર્થ છેઃસાકાર પ્રત્યે સ્વાર્થપૂર્ણ આકર્ષણ હોવું અથવા સંલિપ્ત હોવું.

તેને કોન મારી શકે? રામ કૃપાથી તેનો વધ(અંત) થાય છે તે પણ ત્યારે કે જ્યારે દશહરા થાય એટલે કે દશે ઈન્દ્રિયોને કુમાર્ગથી હટાવી સુમાર્ગ પર જ્ઞાનથી લગાવીએ.આંખ પ્રભુરૂપના દર્શન કરે, કાન હરિકથા સાંભળે, નાક પ્રભુની સુગંધને ગ્રહણ કરે, જીભ હરિના ગુણગાન કરે,ત્વચા પ્રભુ ચરણસ્પર્શ કરે,હાથ સંતોના ચરણ સ્પર્શ કરે,પગથી સત્સંગમાં પહોચીયે..આમ દશે ઈન્દ્રિયોનો સંયમ, દશે ઈન્દ્રિયોની શક્તિને પ્રભુ તરફ દોડાવવી જોઈએ અને તેના વિષય શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ વગેરેના સલિપ્તપૂર્ણ માયાના ભોગોમાંથી હટાવવા એ દશહરા(દશેરા) છે.આ દશેરા સંયમની ચરમસીમા અને ભક્તિનું રૂપ છે.દશહરાથી જ મોહરૂપી બળવાન શત્રુ રાવણ મરી શકે છે.ભક્તિરૂપી સીતા તેની કેદમાં તડપી રહી છે.ભક્તિની રક્ષા માટે તેનો વધ કરવો જરૂરી છે.મોહરૂપી રાવણ મરતાં જ જ્ઞાન(રામ) અને ભક્તિ(સીતા) પુનઃ અયોધ્યા (શરીર)માં પાછા ફરે છે અને ત્યાં દિવાળી મનાવવામાં આવે છે એટલે દિવાળી દશેરા પછી જ આવે છે.

ભગવાન શ્રીરામે રાવણના દશ માથાનો વધ કર્યો તેના પ્રતિકરૂપે આપણે પોતાના અંદરના દશ દુર્ગુણો કામ ક્રોધ મદ લોભ મોહ મત્સર કપટ દંભ ઈર્ષ્યા દ્વેષને દૂર કરવાના છે.આપણે દશેરા જેવા પવિત્ર દિવસે દિલમાં ધર્મના વિચારોનું સ્થાપન કરીએ,હલકા વિચારોને તિલાંજલી આપી ઉન્નત વિચારોનું મનમાં સ્થાપન કરીએ.

આલેખનઃ
કુમારી નિતૂં સૈની

# મન મેળ

મને ભેળ પસંદ છે ? કેળના પાન પર જમવાનું ગમે છે. કારણ જાણો છો ?

મમરા, સેવ, પૂરી, કાંદા, બટાકા, ગળી ચટની, તીખી ચટની, લસણની ચટની

અને કોથમીર વચ્ચે મનમેળ હોય તો તે સ્વાદિષ્ટ બને. જો આ દરેક મનમેળ

રાખી એકબીજાને સહયોગ ન આપે તો શું ભેળ સ્વાદિષ્ટ લાગે ?

કેળનું પાન કેટલું વિશાળ છે. ભિન્ન વાનગીઓ એક સાથે પાન પર પીરસાય પછી

તેમનો સ્વાદ અલગ હોવા છતાં જમતી વખતે લહેજત આવે. આ બધી વાનગી

'મારામારી કરે તો સાથે પાન ઉપર વ્યવસ્થિત રહી જમનારને લહેજત કારાવે

મનમેળનું પણ કશુંક આવું કહી શકાય. એક જ માતાના ગર્ભમાં ૯ મહિના ગાળીને

ધરતી પર આવે લા સંતાનોમાં પણ ઘણિવાર મનમેળ જોવા મળતો નથી. ખૂબ દર્દ થાય.

દુનિયાની દ્રષ્ટિએ સાથે હશે પણ મનથી જોજનો દૂર. જાણે લોહીના સંબંધનું કોઈ મૂલ્ય નહી.

જેની સાથે લોહીનો યા કોઈ પણ સંબંધ ન હોવા છતાં મિત્ર બને તેમના મનમેળની શી

વાત કરવી !
હવે આ મનમેળ શું છે ? એ કઈ બલાનું નામ છે. મન મળે તેની કોઈ પૂર્વ શરત હોતી
નથી. સામેવાળી વ્યક્તિના હદય સુધી પહોંચવાનો સરળ માર્ગ છે. તેનો અર્થ એમ ન કરવો કે બંને જણા બધી વાતમાં સંમત છે ! એ શક્ય નથી. એકબીજાને સમજી

શકવાની શક્તિ છે. સાચું યા ખોટું હોય તે કબૂલ કરવાની ક્ષમતા છે.

જ્યાં આ સમજ હાજર હોય ત્યાં મન દુઃખ થવાની સંભાવના નથી. ઉદાર દિલ, જતું

કરવાની તૈયારી સ્વાર્થનો અભાવ. એ મન મેળ માટેના તાળાની કૂંચી છે.

એક સાદો દાખલો આપું. આપણે કુટુંબમાં સાથે બેઠા હોઈએ. દસેક જણાનું કુટુંબ હોય, એક વાક્ય

બોલાય, તેના દસ અર્થ નિકળે. દરેક જણ પોતાના વિચાર પ્રમાણે તેનો અર્થ તારવે. હવે જ્યાં મનમેળ

હશે ત્યાં એ વાક્ય પાછળનો ભાવ સહુ સમજશે. ન સમજે તેને સમજાવી શંકા નાબૂદ કરવી.

જ્યાં મન મેળ નહી હોય ત્યાં તડાફડી અને મારામારી થશે. એ દ્શ્ય ખૂબ વરવું લાગશે. મનમેળ સાધવો

આસાન છે. તેમાં અહંકાર ગાયબ છે. સમજ શક્તિ ખીલી ઊઠે છે. જેને કારણે જીવન જીવવા જેવું બને છે.

અહંકાર માનવીને દુઃખની ગર્તામાં ધકેલે છે. ખાલી ચણો વાગે ઘણો જેવી વાત છે. સ્વમાનનો સોદો નથી

કરવાનો. માત્ર સમાગમમાં આવતી વ્યક્તિનો આદર કરવાનો છે. આદર આપશો તો પામશો એ સત્ય છે.

જ્યાં મનમેળનો અભાવ હોય ત્યાં ચૂપકીદી સરળ માર્ગ છે. વાતનું વતેસર થતા વાર નથી લાગતી.
જીવનમાં , કુટુંબમાં , સમાજમાં મનમેળ દ્વારા આગવું સ્થાન પમાય છે. કહે છે ને 'સાંભળવું સહુનું, કરવું
મનનું'. હવે નક્કી આપણે કરવું રહ્યું . જીવનમાં મન મેળ કે પછી હલચલ ?

**પ્રવિણા,કડકીયા,અમેરીકા**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ

NOG:SS:NO. : 142
વિષય : સ્વરચિત ગરબો
શીર્ષક : દર્શનની ઝંખના
શબ્દો : ૧૨૪
લેખક/કવિ : શૈલેષ ભોઈ ★શૈલ★



મંદિરીયે વાગે, ઝાલરની ઝરમર,
વાગે છે ડાકલાની મોજ...ખોડલ માડી...
માડી મારી ગરબે ઘુમવાને વેલી આવ.
માડી મારી દર્શન દેવાને વેલી આવ.

ભક્તો જોવે છે વાટો,
રાહ જોઈ થાકી આંખો,(૨)
આંખોની પ્યાસ તું બુઝાવ...ખોડલ માડી....
માડી મારી ગરબે ઘુમવાને વેલી આવ,
માડી મારી દર્શન દેવાને વેલી આવ.

રુદિયે તું રમતી માડી,
તાજા રાખે બાળને વાડી,(૨)
પ્રિતમના પાન તું કરાવ...ખોડલ માડી...
માડી મારી ગરબે ઘુમવાને વેલી આવ,
માડી મારી દર્શન દેવાને વેલી આવ.

નવલી નવરાતો જામી,
ઘૂમે સૌ નરને નારી,(૨)
એક તારી ખોટ વર્તાઈ...ખોડલ માડી...
માડી મારી ગરબે ઘુમવાને વેલી આવ,
માડી મારી દર્શન દેવાને વેલી આવ.

મંદિરીયે વાગે, ઝાલરની ઝરમર,
વાગે છે ડાકલાની મોજ...ખોડલ માડી...
માડી મારી ગરબે ઘુમવાને વેલી આવ.
માડી મારી દર્શન દેવાને વેલી આવ.
આભાર - નિહારીકા રવિયા

# અમે એવાં રે




નિરવભાઈને કસ્ટમના ક્લાસ વન ઓફિસર તરીકે હવે બે જ વર્ષ બાકી હતાં. એમની નિષ્ઠાપૂર્વકની, પ્રમાણિક કામગીરીથી સંતુષ્ટ એવા ઉપરી અધિકારીઓએ એમને છેલ્લાં બે વર્ષ એમની ઈચ્છા પ્રમાણેની પોસ્ટ આપવા માટે બોલાવ્યા હતા. ઉપરી અધિકારી કહે, "બોલો નિરવભાઈ ક્યાં જવું છે ?"

"સર, મારા માટે કંઈ પણ ચાલે પણ, ઘર થોડું નજીક હોય તો ઘરનાં બધાં રાજી રહે!"

"નજીકમાં તો વાપી જવાય તેવું છે, બોલો કરી દઈએ?"

"બાપરે! વાપી તો સર, હોટ પોઈન્ટ, કસ્ટમ અધિકારીઓ માટે, ત્યાંથી દમણ નજીક એટલે દાણચોરોના ગુલામ થઈને રહેવું પડે. તેમની દાણચોરીના માલથી ભરેલી ટ્રકો, ચેકપોસ્ટ પરથી પસાર થવા દેવી પડે ને, તેમ ન કરીએ તો દાદાગીરીથી આપણને કે, ઘરનાંને જાનમાલનું નુકશાન કરે."

"હા હા ભાઈ, તમારા જેવા પ્રમાણિકનું ત્યાં કામ નહિ બાકી બે વર્ષ નહિ ને ખાલી બે મહિના જ ત્યાં રહેવા મળે તો કરોડો કમાઈ લેવાય એટલે તો દરેકને એકવાર ત્યાં જવું હોય છે."

"સર. તમે જાણો છો? મારી સૌથી પહેલી પોસ્ટ પણ વાપી થયેલી. પૂરી નોકરી પતવા આવી પણ એ વખતનો અનુભવ એવો ને એવો અકબંધ યાદ છે મને. અધિકારી કહે, "સારું મી. નિરવ, ચિંતા ના કરો, આપણે તમને અનુકૂળ જગ્યાએ જ ગોઠવીશું."

"થેંક યુ સર."

અધિકારીથી છૂટાં પડીને નિરવભાઈ નીકળ્યા. પણ એમની આંખો સામે જોબ શરૂ કરી, એ દિવસોમાં બનેલી ઘટનાઓ જાણે હમણાં જ બનતી હોય, તેમ દેખાવા લાગી.

નિરવે તાજી માસ્ટર ડિગ્રી લઈને કાકાની જેમ કસ્ટમમાં જોબ લીધી હતી. વાપીમાં એ અરસામાં ખૂબ મોટી લાંચ લઈને સજા પામેલા એક ઓફિસરની જગા ખાલી હતી. ત્યાં જ એને પોસ્ટીંગ મળ્યું. નિરવ ગ્રેજ્યુએટ થતાં જ પરણી ગયેલો. એને એક નાનો બાબો પણ હતો. માતાપિતા ને પત્ની તેમ જ બાબા સાથે જોબ મળતાં જ એ વાપી આવી ગયો હતો. ભાડાનું મકાન પણ શોધી રાખ્યું હતું. એકાદ અઠવાડિયું તો સામાન ગોઠવવામાં જ ગયું. ત્યાર પછી એક દિવસ તેઓ ઘરનાં સૌ દમણ જોવા માટે ઉપડી ગયાં. દરિયા કિનારો ને શુદ્ધ હવામાં બધાને મજા પડી ગઈ. છેલ્લે ખુશ થતાં તેઓ એક શોપમાં ગયા. એમની સાથે મિત્રનું ફેમિલી પણ હતું, બધા ખરીદીમાં મશગુલ હતાં. એટલામાં ઠપ ઠપ અવાજ સાથે દુકાનના પગથિયાં ચઢીને બે ભાઈઓ આવ્યા. તેઓ જમાદાર જેવા દેખાતા હતા. તેમાંનો એક કડક અને તોછડા અવાજથી બોલ્યો,

"એ ય દુકાન વાલે, સુનો એ નયે કસ્ટમ ઓફિસર હૈ, ઉનકો જો ચાહિયે વો દે દો મગર પૈસે નહિ લેના. વો હમારે સા'બ દેંગે. સા'બકો તો જાનતે હો ના?ઔર હાં, યાદ રખના જબ ભી યે સા'બ આયે ઉનસે પૈસે નહીં લેના, કંઈ ગુના મિલ જાયેંગે પતા હૈ ના?"

દુકાનદાર સારી રીતે ઓળખતો હતો. એ દાણચોરના માણસો હતા. એણે નિરવના પૈસા લેવાની ના પાડી.

નિરવ કહે, "આ મારી પોતાની ખરીદી છે, એટલે પૈસા તો હું જ આપીશ."

પેલા બે માણસો દુકાનદારને કહે, "લગતા હૈ, નયે સા'બ જાનતે નહિ હમેં, તુમ થોડા સમઝા દેના."

એ બે જણાનાં ગયા પછી દુકાનદાર કહે, "સા'બ, સુનો આપ નયે હો તો મેં આપકો સમજાતા હૂં. વો બડા દાણચોર હૈ. નામ તો પતા હોગા. વો જો કહેગા, વહી આપકો કરના હોગા, વો જો દેગા વો લેના હોગા, પૈસે દેગા વો ભી બહોત સારે! આપ અબ કુછ ભી લોગે તો બીલ વો હી ભરેગા, ઔર ઉસકે બદલે મેં ઉસકા દાણચોરીકા માલ ચેક પોસ્ટ સે રોકના નહિ વરના..."

"વરના ક્યા?"

"અરે સાબ વરના ક્યા? વો તો કુછ ભી કર સકતા હે, એક્સિડેંટ ભી. આપ કા યા ફિર બીબી–બચ્ચો કા. જાન લેના ભી ઉસકે લિયે આમ બાત હૈ."

નિરવ સ્તબ્ધ થઈ જોઈ રહ્યો હતો.

એ વિચારી રહ્યો, હું માનવી માનવ થાઉં તો ઘણું આ વાત જીવનમાં ઉતારવા હું કેટલા પ્રયત્નો કરી રહ્યો છું. પણ આ સ્થળે, આ સમયે શું તે શક્ય છે? મારા કે કુટુંબનાં ભોગે તે કરવું યોગ્ય છે ?"

તેણે વિનંતી કરીને વાપીથી તાત્કાલિક ટ્રાન્સફર કરાવી લીધી હતી. જીવનનાં મૂલ્યોનાં ભોગે તેને કંઈ જ નહોતું જોઈતું.

વર્ષો પહેલાનું એ દ્રશ્ય તેની આંખ સામે આવીને ઊભું. ઘરે જઈ ને તેણે પત્નીને વાત કરીને કહ્યું,

"વાપી બદલી થાય તેમ છે, પણ મેં ના પાડી. હવે કદાચ દૂર જવું પડે." પત્ની સાંભળી રહી, પછી વહાલથી કહે,

"વર્ષોના વ્હાણાં વાયાં પણ તમે તો એવાં ને એવાં જ રહ્યાં. કશું જ તમને લલચાવી ના શક્યું."

નિરવ પણ હસીને વહાલથી ગાવા લાગ્યો, "હા ભાઈ હા, અમે એવાં રે અમે એવાં રે, તમે કહો છો વળી તેવાં રે."

રશ્મિ જાગીરદાર (કેલિફોર્નિયા)
ઈમેલ... rashmijagirdar6@gmail.com
પરિચય...
૨૫થી વધુ સહિયારાં પુસ્તકોમાં વાર્તા, લેખ, નિબંધ લખ્યા છે. ગઝલ અને છાંદસ- અછાંદસ રચનાઓ ન્યુઝ પેપર અને મેગેઝિનમાં પ્રકાશિત થતી રહે છે.




''શબ્દરુપેણ સંસ્થિતા'' શિર્ષક હેઠળ શહેરમાં આજે રવિવાર ૨૨ ઓક્ટોબરનાં રોજ સવારે ૧૦ વાગ્યે કાપડીયા હેલ્થ કલ્બની બાજુમાં આવેલા વૈષ્ણોદેવી મંદિર હોલ, ભટાર રોડ ખાતે સુરતની કવયિત્રીઓ દ્વારા કવયિત્રી સંમેલનનું આયોજન કરાયું હતું. જેમાં સુરત, ભરૂચ અને વડોદરાની કવયિત્રીઓએ મંચ દીપાવ્યો હતો. સ્વરચિત કવિતાઓનું પઠન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીપીસીબીના પ્રાદેશિક અધિકારી ડૉ જિજ્ઞાસા ઓઝાએ કરેલું હતું.
**GTPL TV Channel** તરફથી આ કાર્યક્રમની નોંધ લેવામાં આવી.

કાવ્યપઠનના અંશો :-

ખભેખભા મિલાવીને રહેવુ છે મારે હારોહાર,
નથી થવું સમોવડી છું ક્યાં જરા ઉતરતી પણ!
----જિજ્ઞાસા ઓઝા
—————————————-

પ્રેમનાં અઘરા ગણિતને શીખવું બાકી રહ્યું.
શૂન્ય છું બસ,એકડાને પામવું બાકી રહ્યું.
જીગીષા દેસાઈ
-------------------

કદી યાદ ફરિયાદ થૈને સ્મરે તો,
કદી અશ્રુ થૈને સરી જાય પીંછું.
- પલ્લવી ચૌધરી
------------------

બાળ સહજ એ ગાંડુઘેલું!
મનડું મારું એક નવેલું!
-શર્મિષ્ઠા કોન્ટ્રાકટર.
---------------------

જીંદગીની ટોપલીમાં માછલી જેવી પળો,
એક બે પળ જીવતી પણ રાખવામાં છે મજા.
ડૉ.સેજલ ભાવેશ દેસાઈ
--------------------

આંખમાં તો આંખમાં પણ ડૂબવા જેવું હતું
એનું પણ ઊંડાણ મારે માપવાં જેવું હતું
હેતલ મોદી જોષી
------------------

એ વિધાતાની કોઈની સાથે પણ યારી નથી;
કર્મના સિદ્ધાંતની કોઈ છટકબારી નથી.
- શ્વેતા તલાટી
----------------

સબળા છો ઉઠ તું સર્જન કર સમાજ રચના,
શકિત, શસ્ત્ર ને શાસ્ત્ર તું છો સર્વ સમ્યું
હીર.
-શિલ્પા ગુંદિગરા
○○○○○○○○○○○○○○○

જિંદગી થાકી ગઈ છું, કૈંક તો તે'વાર દે,
વાજ હું આવી ગઈ છું, બેઘડી તો પ્યાર દે.
તૃપ્તિ કુબાવત 'તૃપ્ત'
સુરત.
--------------

તું હશે તારા મુલકનો શહેનશાહ,
પોળમાં તો હું ય શહેજાદી હતી!
-સંગીતા સુનિલ ચૌહાણ "તપસ્યા"
-----------------

○○○○○○○○○

સજાવી ગઝલ ઠાઠડી પર 'તરૂ' એ,
કવિની એ અંતિમ સવારી અલગ છે.

-તરૂ મિસ્ત્રી...??? (સુરત)

○○○○○○○○○○○○○○○○○

પામ્યાના સુખથી પણ વધુ ખોયાનું દુખ રહ્યું
એ જિંદગીનો સાર હશે, ક્યાં ખબર હતી!

કિરણ જોગીદાસ 'રોશન'
---------------------

જિંદગી આખી મને તું આમ તડપાવ્યા ના કર,
દૂરથી ,મીઠું મીઠું તું આમ મલકાયા ના કર.

જયશ્રી પાવાગઢી "જયુ" સુરત.
-----------------------------

મારી ગઝલના દિલમાં એના ખ્યાલ હોય છે,
માટે બે મિસરમાં ગજબ વ્હાલ હોય છે.

રૂપાલી ચોકસી સુરત

# ડાંગમાં ક્યારે આવશે ફૂડ ઇન્સ્પેકટર તપાસ માટે તે તો ભગવાન જ જાણે ક્યારે આવે છે અને ક્યારે જાય છે ડાંગમાં ફૂડ વિભાગ માટે લોક ચર્ચા થઈ રહી છે દિવાળી બાદ જ આવશે

હાલ નવરાત્રી બાદ દશેરા થી દિવાળીમાં તમે જે માવો ખાઈ રહ્યા છો તે ભેળસેળ વાળો તો નથી ને?
દશેરા – દિવાળી પર મિઠાઈ ખાવાની લોકો મજા લે છે પરંતુ શું આ મિઠાઈ અસલી છે કે નકલી તે માવા માંથી બનેલી મિઠાઈ સ્વાસ્થ્ય ને નુકશાન પહોંચાડી શકે છે.
આવા તહેવાર હોય એટલે મીઠાઈ તો ચોક્કસ ખાવાની આવે. બજારમાં દુકાનો વિવિધ પ્રકારની મીઠાઈઓથી ભરેલી જોવા મળે છે. દિવાળીના અવસર પર એકબીજાને શુભેચ્છા પાઠવવી અને મીઠાઈ ખવડાવવાની વર્ષો જૂની પ્રથા છે. પરંતુ તમે જાણો છો કે કેટલીક વાર સંબંધોમાં મધુરતા ફેલાવતી આ મીઠાઈઓ સ્વાસ્થ્ય માટે ઝેર પણ સાબિત થઈ શકે છે. બજારમાં કેટલાક દુકાનદારો નફો કમાવવા માટે ભેળસેળયુક્ત માવાનો ઉપયોગ કરીને મીઠાઈઓ બનાવતા હોય છે, જે સ્વાસ્થ્યને અનેક રીતે નુકસાન પહોંચાડે છે.
ત્યારે ૯૦% આદિવાસી વિસ્તાર ધરાવતા ડાંગ જિલ્લા માં શું ? આહવા વઘઈ સાપુતારા સુબિર કે અન્ય વિસ્તારોમાં ખુલ્લે આમ બજારો માં વેચાતી મીઠાઈ જલેબીઓ શુધ્ધ હશે ખરી અને પ્રાપ્ત અહેવાલો પ્રમાણે ડાંગ નાં મોટા ભાગની નાની મોટી મીઠાઈ જલેબીઓ કે અન્ય મીઠી ખાધ્ય ચીજવસ્તુઓ પર કાચની કે નાની જાણી ઓ થી ઢાંકવામાં આવતી છે તે પણ એક સવાલ છે. ડાંગ જિલ્લા ની ભોળી જનતા તો જે કંઈ બજાર માં આવી વસ્તુ ખરીદારી કરી લઈ જાય અને પછી એઓનુ સ્વાસ્થ્ય બગડે તો કોને પડી છે.
ડાંગ જિલ્લા પંચાયત હસ્તક આવેલ આરોગ્ય વિભાગ નાં આલા અધિકારીઓ કોઈ દિવસ જ્યાં રહેતાં છે ત્યાં વડા મથક આહવા ખાતે ખૂલ્લેઆમ વેચાતી આવી ચીજવસ્તુ બાબતે મીઠાઈ ની દુકાનોમાં ચકાસણી કરતાં છે કે તે પણ એક પ્રશ્ન સમગ્ર પંથક માં લોકચર્ચાએ છે. ખાસ વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ડાંગ– વલસાડ નાં ફુડ ઈન્સ્પેકટરો તથા સ્થાનિક આરોગ્ય વિભાગ નાં આલા અધિકારીઓ બેદરકારી રાખી રહ્યાં છે. અને આવી મીઠાઈઓ ની દુકાનદારો સાથે હંમેશાં સંપર્ક માં રહેતાં હોવાનુ પણ ચર્ચાય છે.
ત્યારે આ બાબતે સ્થાનિક ડાંગ જિલ્લા નાં ઉચ્ચ અધિકારીઓ ગરીબ અને ભોળી ડાંગી પ્રજા નાં સ્વાસ્થ્ય નહીં બગડે અને કોઈ જોખમી બીમારી નાં આવી પડે તેની દયા ખાતર કંઈક યોગ્ય તકેદારી રખાવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



નારણપુરા ગામમાં નવરાત્રીમાં શ્રી સિંધવાઈ માતાજીના ફૂલના ગરબા આઠમ અને નોમના દિવસે વર્ષોવર્ષની જેમ આ વર્ષે પણ યોજાયા જેમાં નારણપુરા ગામ અને આજુબાજુના વિસ્તારમાંથી શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવે છે.




# આપણે ત્યાં આવતા સારા માઠા પ્રસંગો પર ગમતી, અનુકુળ સેવાકીય પ્રવૃત્તિઓ કરીએ

જિંદગીની સફરમાં જયારે ક્ષણભર 'પ્રસંગ' નામનો પ્રસંગ આવતો હોય ત્યારે જીવનમાં કશુંક વિશેષ થતું હોય એવું લાગે છે. બે ઘડી જીવન ક્યાંક જીવવા જેવું લાગે. ઘરમાં કોઈ શુભ પ્રસંગ હોય તો ઘર જાણે જીવતું હોય, એમાં જીવ આવી ગયો હોય તેવો અનુભવ થાય. ચારેબાજુ રાજીપો વરસતો હોય છે. સગા-વ્હાલાઓનાં હસતા મોઢા જોઇને મન મોહિત થઈ જાય છે. આવે વખતે ચાંલ્લા કરવાનો રિવાજ મોખરે આવતો હોય છે, પરંતુ હવે કેટલાંક લોકોએ આ પ્રથા બંધ કરી છે ત્યારે સમાજને આ બાબતે એક નવી દિશા સુઝાડવી જ રહી. આપણે પોતે જયારે શુભ પ્રસંગનો આનંદ માણતા જ હોઈએ ત્યારે સવિશેષ આપણે બીજાનાં જીવનમાં ચાંલ્લો કરવાનો મોકો છોડવા જેવો નથી. આ કાર્ય ઘણી રીતે કરી શકાય છે. જે કોઈને પણ જેવું સ્થળ અનુકુળ હોય એ સ્થળે થેલેસેમિયાનાં બાળકો માટે રક્તદાન કેમ્પ, જે બાળકો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત હોય તેમને માટે કોઈ વિશેષ કાર્યક્રમ, જીવદયા-પાંજરાપોળોને દાન કે પછી ગૌમાતા માટે અનુદાન, જે દીકરીઓ અનાથ છે તેમને લગ્ન માટે આર્થિક મદદ વગેરે જેવા અનેક ગમતાં કાર્યો દ્વારા અન્યનાં જીવનમાં પણ આનંદની જ્યોત પ્રગટાવી શકાય છે. એવું જરૂરી નથી કે આ કાર્ય માત્ર શુભ પ્રસંગે જ કરાય. ક્યારેક કોઈ માઠા પ્રસંગો પણ આવતા હોય છે આવા પ્રસંગે વાતાવરણને પવિત્ર બનાવવા તેમજ શાંતિની લાગણી અનુભવવા માટે પણ આવા સેવા કાર્યો હાથ ધરી શકાય છે. આ રીતે આપણે અન્ય કોઈને પણ આપણા જીવનનાં સારા માઠા પ્રસંગોનો અગત્યનો ભાગ બનાવી શકીશું. ક્યારેક કોઈ દુખિયારાની દુઆ મળશે તો ક્યારેક ઈશ્વરને ખોળે કોઈ મદદની અરજી કરનારા અરજદારની સહાય કરી શકીશું.



આજ રોજ આધ્યશકિત ગ્રુહ ઉદ્યોગ અને જયોતિષ મનીષ મહેતા ના સહયોગ થી અને મિત્રો, યજમાનો ના સાથ સહકારથી રાહુકાળમાં ગરીબોને ફુડ પેકેટ વિતરણ કાર્ય સફળ રીતે પુર્ણ થયુ.

# ખારીઘારીયાલ ગામે દર વર્ષે નવમા નોરતે બંને દેવીઓનો મિલાપ કરાવવાની અનોખી પરંપરા



ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે વર્ષોની પરંપરા મુજબ ગામ મધ્યે બિરાજમાન બહુચર માતાજી અને ગામથી પશ્ચિમ દિશામાં બિરાજમાન પાદર દેવી લેઉવા પટેલોની કુળદેવી શ્રી પીઠાઈ માતાજીનો મિલાપ કરાવી સમુહ આરતી કરવાની વર્ષો જૂની પરંપરા મુજબ આજે પણ દર વર્ષ આસો સુદ-૯ ના પવિત્ર દિવસે નવમી નવરાત્રી ઉજવતાની સાથે ગામ લોકો દ્વારા બંને દેવીઓનો મિલાપ કરાવવા ગામ લોકો સાથે બહુચર મૈયા મંડળ દ્વારા ગામ મધ્યે બિરાજમાન શ્રી બહુચર માતાજીની પાલખી યાત્રા ડીજે ની સુરીલા સરગમ સાથે વાજતે ગાજતે ઢોલના તાલે કાઢવામાં આવી હતી.જે પાલખી યાત્રા ગામ મધ્યે બિરાજમાન બહુચર માતાજીના મંદિરેથી નીકળી ગામના પાદર દેવી લેઉવા પટેલની કુળદેવી શ્રી પીઠાઈ માતાજીના મંદિરે જઈ બંને દેવીઓનો મિલાપ કરાવવામાં આવ્યો હતો. જેમાં ચાંદીની મૂર્તિ સાથે નીકળેલી પાલખી યાત્રામાં દુર દૂરથી માના ભક્તો તેમજ ગ્રામજનો માતાજી ને પાલખીમાં બિરાજેલી અવસ્થામાં દર્શન કરવા ઉમટી પડ્યા હતા. આજ પરંપરા મુજબ આજરોજ પણ ગામમાં આ ધાર્મિક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.આમ એક વર્ષના વીરહ બાદ બંને દેવીઓનું મિલન સાથે સમૂહ આરતી કરવામાં આવી હતી.માના ભક્તો તેમજ ગ્રામજનોએ ગરબાની રમઝટ બોલાવી હતી.તેમજ માતાજીની પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.ત્યારબાદ પાલખી યાત્રા બહુચર માતાજીના નીજ મંદિરે પરત ફરી હતી.જ્યાં માતાજી ની આરતી ઉતારી પાલખી યાત્રા પુર્ણ કરવામાં આવી હતી.

રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરોચીફ

# અર્ચના નિકેતન શાળા આયોજિત શક્તિ નિકેતન 2.0 નવરાત્રી રાસ ગરબા મહોત્સવ યોજાયો

વરાછા સ્થિત અર્ચના નિકેતન શાળા આયોજિત શક્તિ નિકેતન ર.ં નવરાત્રી રાસ ગરબા મહોત્સવ રંગે ચંગે ઉજવાયો હતો. નવરાત્રિ રાસ ગરબાની સાથે શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું તેમજ ચાર વર્ષના બાળ કલાકાર પંડિત પ્રયાણ રાવલ દ્વારા શ્રીરામ સ્તુતિ અને શિવ તાંડવ રજૂ કરી જે સાંભળી સૌ મંત્રમુગ્ધ બની ગયા. ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, કોર્પોરેટ મનીષાબેન આહીર,રૂપાબેન પંડ્યા, રાજેશભાઈ જોળીયા, અશોકભાઇ બાંભણિયા, કિશોરભાઈ બાંભણિયા, જીગ્નેશભાઈ, કચ્છી, કૃષ્ણમુરારી શર્મા મુખ્ય મહેમાન તરીકે આવી કાર્યક્રમની શોભામાં ચાર ચાંદ લગાડ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓએ ટ્રેડિશનલ કપડામાં ગરબાની રમઝટ બોલાવી હતી. શાળાના ટ્રસ્ટી ધીરુભાઈ પરડવા, નિયામક ચંદુભાઈ ભાલીયા,આચાર્યશ્રી ડૉ. રજિતા તુમ્મા, શાળાના શિક્ષકો દ્વારા શાળાના શ્રેષ્ઠ ખેલૈયા વિદ્યાર્થીઓ અને વાલીઓને, લકી ડ્રો વિજેતાઓને શિલ્ડ આપી સન્માનિત કર્યા હતા. એન્કર જલ્પેશ નકુમ અને પૂર્વી ચૌહાણ કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહી અને રોમાંચિત બનાવ્યો હતો. શાળા દ્વારા શરૂ કરવામાં આવેલ શહીદ શોર્ય દાન પ્રવૃત્તિ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું અને લોકોએ તેમને ખૂબ સારો પ્રતિસાદ કર્યો.

# એસબીઆઈ લેડીઝ ક્લબ અમદાવાદ દ્વારા ચિત્ર હરીફાઈ યોજાય



એસબીઆઈ લેડીઝ ક્લબ અમદાવાદ દ્વારા ૧૧ મી ઓક્ટોબરના રોજ ગાંધી આશ્રમ સાબરમતી ખાતે લેડિઝ ક્લબ ના પ્રમુખ શ્રીમતી સંગીતા મોહન નેતૃત્વ હેઠળ "પરિક્ષિતલાલ આશ્રમ હોસ્ટેલ" માં જરૂરિયાત વાળા છોકરા અને છોકરી કે જેઓ ત્યાં રહેતા હતા ત્યાં લેડિઝ ક્લબ દ્વારા ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાં જયેશ પટેલ કે જેઓ આ સંસ્થા ના વડા છે તેમને હાજરી આપીને છોકરા અને છોકરીઓનો ઉત્સાહ વધાર્યો હતો. ચિત્ર સ્પર્ધા માં નિર્ણાયકોની ટીમ જેમાં શ્રીમતી સંગીતા મેડમ, અને અન્ય લેડિઝ ક્લબ ના મેમ્બર દ્વારા અલગ અલગ કેટેગરી પ્રમાણે ઈનામ વિતરણ અને સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા. આવા પ્રસંગ વખતે શ્રીમતી અન્નપૂર્ણા ઝા દ્વારા પ્રસંગ ને અનુરૂપ કવિતા સંભળાવી અને બાળકો ને પ્રોત્સાહિત કરે તેવું પ્રવચન આપીને બાળકો નો ઉત્સાહ વધાર્યો હતો.

લેડિઝ ક્લબ દ્વારા છોકરા અને છોકરીઓને ચિત્ર માટે જરૂરી વસ્તુ પૂરી પાડવામાં આવી હતી, તેની સાથે ત્યાં હોસ્ટેલ માં રહેતા જરૂરિયાત વાળા બાળકો માટે રસોડા ને લગતી જરૂરી ચીજ વસ્તુઓ આપવામાં આવી હતી.પ્રોગ્રામ ના અંતે બાળકો ને નાસ્તો પીરસવામાં આવ્યો જેથી બાળકો ખુશ ખુશ થઈ ગયા. સંસ્થા ના વડા જયેશ પટેલ દ્વારા એસબીઆઇ મહિલા ક્લબ નો ખૂબ ખૂબ આભાર માન્યો. અંત માં "પરિક્ષિત લાલ આશ્રમ" હોસ્ટેલ ના દરેક અધિકારીઓ અને કર્મચારી એ હાજરી આપીને મહિલા ક્લબ દ્વારા આવા સરસ આયોજન બદલ દરેક મહિલા ક્લબ મેમ્બર નો આભાર માન્યો હતો.



સર્વોદય સ્વતંત્ર પ્લોટ સોસાયટી, ભુયંગદેવ ચાર રસ્તા ખાતે સિનિયર સિટિઝન મહિલાઓ દ્વારા નવરાત્રિ માં આરતી પૂજા પ્રસાદ ધરાવી બેઠાં ગરબા ગવડાવવામાં આવે છે

# સમસ્ત મહાજન દ્વારા અંબાડ, જાલના ખાતે 'ખાસ ખેડૂત સભા'નું આયોજન

વૈશ્વિક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા સમસ્ત મહાજન દ્વારા 'ખાસ ખેડૂત સભા'નું આયોજન કરવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં મિશ્ર ઋતુઓને કારણે ખેડૂતોને પાક ઉગાડવામાં અને પાકની માવજત કરવામાં ઘણી અગવડો પડે છે. વૈશ્વિક સ્તરે જળવાયુ પરિવર્તનની અસર થઈ રહી છે અને કૃષિ અને ખેડૂતોને સૌથી વધુ નુકસાન થઈ રહ્યું છે. આ વર્ષે પણ ખેતી સંકટમાં છે, ટૂંક સમયમાં ઉનાળાની ગરમી વધશે અને પશુધન સામે મોટું સંકટ આવશે. જેના કારણે સમસ્ત મહાજન દ્વારા 'ખાસ ખેડૂત સભા'નું આયોજન થયું છે.આ સભામાં નિષ્ણાંત માર્ગદર્શન દ્વારા ખેડૂતનાં પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવશે. વિકટ પરીસ્થિતિઓનો સામનો કેવી રીતે કરવો એ તમામ ગાઈડલાઈન્સ ખેડૂત મિત્રોને આપવામાં આવશે. આ સભામાં જોડાવવા માટે તમામ ખેડૂત મિત્રોએ રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. આ કાર્યક્રમ મતસોદરી દેવી સંસ્થાન, અંબાડ, અંબાડ જિલ્લો, જાલના ખાતે રાખવામાં આવ્યો છે. રજીસ્ટ્રેશન તેમજ વધુ માહિતી માટે નુતન દેસાઈ (મો. ૯૮૨૦૮૪૫૮૨૫), પ્રો. પંડિત વાસરે, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખરપૂડી (મો. ૯૪૨૨૭૦૧૦૬૫), સુરેશ કેસાપુરકર (મો. ૯૪૨૩૭૩૧૪૮૦), ઉદય શિંદે (મો. ૯૮૨૩૦૧૭૦૯૩) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. સમગ્ર આયોજન અંગે સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહનું માર્ગદર્શન મળી રહ્યું છે





ઓસ્ટ્રેલિયામાં રાજપૂત યુવાનોએ શસ્ત્ર પૂજન કર્યું!! જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત,, ઓસ્ટ્રેલિયાને પણ ગુજરાતના રાજપુતો એ ગુજરાત બનાવ્યું છે ગુજરાતના બધા તહેવાર ઉજવવામાં આવે છે ઓસ્ટ્રેલિયાના ખાતે રાજપુત પરિવારો દ્વારા વિજયાદશમી અનુસંધાને : શસ્ત્ર પૂજન કરવામાં આવ્યું. આજોલ ગામ ગાંધીનગર સુરપાલસિંહ ચાવડા સુરેન્દ્રનગર ના અનિરુદ્ધસિંહ પરમાર મલેકપુર મહીસાગર ના જયપાલસિંહ સિસોદિયા વગેરે રાજપૂત પરિવારોઃ દ્વારા શાસ્ત્રોકતવિધિ થઃ શસ્ત્ર પૂજન કરાયું હતું પરદેશમાં પણ રાજપુત પરિવાર દ્વારા જૂની સંસ્કૃતિ નુ જતન કરી પરંપરાઓ જાળવી રાખી રાજપૂત સમાજને ગૌરવ આપ્યું છે રાજપુત પરિવારોને મનહરસિંહ વાઘેલા અભિનંદન આપે છે

# અમેરીકા-લોસ એન્જલસ ખાતે ના હવાઈન ગાર્ડન શહેર ખાતે શ્રી ગાયત્રી મંદિરમાં 'મા' આધ્યશક્તિ આરાધના અને નવરાત્રી ઉત્સવની ની ઉજવણિ



શ્રી ગાયત્રી મંદિર, હવાઈન ગાર્ડન ખાતે 'મા' આર્ધશક્તિ ની આરાધના કરવાનાં અવસર એટલે કે શારદીય નવરાત્રિ ઉત્સવ નો આરંભ થતાં જ માઈભક્તો અને ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ અને ઉલ્લાસ પ્રગટ થયો... માતાજીના ભક્તોમાં માતાની પૂજા-અર્ચના અને મહાઆરતીમાં જોડાવાનો આનંદ ધ્યાનકર્ષક છે. અને બીજી તરફ ગરબા અને દાંડિયારાસ ની રમઝટ બોલાવવામાં ખેલૈયાઓ ઘેલાં થતાં જાય છે. નવરાત્રી દરમ્યાન દિવસે પણ મંદિરમાં સૌ ભક્તો ઉત્સવની ઉજવણી કરવામાં તલ્લીન છે. નાના બાળકો-ભૂલકાંઓ રંગબેરીગી પારંપારીક ડ્રેસ પહેરી , મંદિરમાં ગરબે ઘૂમે છે.... છૂક છૂક ગાડી રમે છે. અમેરીકા જેવા દેશમાં આટલી મોટી સંખ્યામાં માતાજીના ગરબા-રાસમાં હાજર રહી ભક્તો તેમની આસ્થા-શ્રધ્ધા કાયમ રાખી રહ્યાં છે. મોટેરા વડીલ-વૃધ્ધો આરામથી બેસીને ગરબાં જોઈ ખુશ થાય છે. આ ગાયત્રી મંદિર તરફથી નાનાં ભૂલકાઓને નવરાત્રિની બધી જ રાત્રે તેમનો પ્રિય એવો નાસ્તો અને રમકડાં વહેંચવામાં આવે છે. તથા ખેલૈયાઓને માટે પણ રાસ-ગરબા પછી સ્વાદિષ્ટ અલ્પાહાર નિશુલ્ક આપવામાં આવે છે. ગાયત્રી મંદિર દ્વારા ઉજવાતા આ નવરાત્રિ માં સનાતન ધર્મ અને હિંદુ સંસ્કૃતિનો અદભૂત સમન્વય અત્રે જોવા મળે છે. સર્વ ભક્તોને આ નવરાત્રિ ઉત્સવમાં ભાગ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવેલ... તથા મંદિરનાં સ્વયંમસેવક ગણ તથા કાર્યકર્તાઓને હાર્દિક અભિનંદન

(માહિતી અને તસ્વિરઃ- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા)

# ડાંગ જિલ્લાના કડમાળ ગમે "વિશ્વ માનસિક આરોગ્ય દિવસ" ની ઉજવણી કરાઇ



સિવિલ હોસ્પિટલ આહવાના નેજા ઠેઠળ પ્રયોશા પ્રતિષ્ઠાન સંસ્થા-આહવા દ્વારા હારપાડા ગ્રુપ ગ્રામ પંચાયતના માજી સરપંચ શ્રી ચિંતામણભાઇ સુર્યવંશીની અધ્યક્ષતામા આહવા તાલુકાના કડમાળ ગામે માનસિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત "વિશ્વ માનસિક આરોગ્ય દિવસ" ની ઉજવણી કરવામા આવી હતી.

આ કાર્યક્રમમા સિવિલ હોસ્પિટલના મનોરોગ ચિકિત્સક ડો.અંકિત જે.રાઠોડ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રામજનોને માનસિક આરોગ્ય તેમજ અંધશ્રદ્ધા વિશે જાગૃત કરવા માટે ખાસ સમજણ આપવામા આવી હતી. તેમજ નર્સિંગ કોલેજના વિદ્યાર્થિઓ દ્વારા માનસિક આરોગ્ય જાગૃતિ પર આધારીત એક પથ નાટ્ય રજૂ કરવામા આવ્યો હતો.

પ્રયોશા પ્રતિષ્ઠાન સંસ્થાના સંસ્થાપક શ્રી પી.પી સ્વામિજી દ્વારા ગ્રામજનોને માનસિક આરોગ્ય વિશેની સમજણ આપવા સાથે સમાજમા ચાલી આવેલી અનેક અંધશ્રધાઓ વિશે જાગૃત રહેવા માટે જણાવાયુ હતુ.

આ કાર્યક્રમમા ક્લિનિકલ સાયકોલોજિસ્ટ શ્રીમતી મનિષાબેન પંચાલ, સામાજિક કાર્યકર્તા શ્રી આશિષ એમ વળવી, પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-આહવાના કો-ઓર્ડીનેટર શ્રી રતિલાલ સુર્યવંશી, શ્રી દિનેશભાઇ એસ ઠાકરે, ગામના આગેવાન શ્રી ગોવિંદભાઇ એલ પવાર તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા.



નોમ નું કુમારિકા ભોજન

# ડાંગ જિલ્લા મુખ્ય મથક આહવાસર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસ કારોબારી ની મિટિંગ યોજાઈ હતી



સર્કિટ હાઉસ આહવા ખાતે આવનારી ગ્રામ પંચાયત અને લોકસભા ની ચૂંટણી અંતર્ગત આહવા / તાલુકા કોંગ્રેસ કારોબારી ની મિટિંગ નું આયોજન કરવામાં આવ્યુ હતું પ્રદેશ કક્ષાએથી આવેલ છે સૂચના અનુસાર ડાંગ જીલ્લામાં સંગઠન ને મજબૂત બનાવવા તેમજ ખાનગીકરણ ને લગતા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી જેમાં ડાંગ જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ મોતીલાલભાઈ ચૌધરી, ડાંગ જીલ્લા મહામંત્રી મુકેશભાઈ પટેલ, આહવા તાલુકા પ્રમુખ ડાંગ જીલ્લા સોશિયલ મીડિયા પ્રમુખ મનીષભાઈ, એસ. સેલ ના પ્રમુખ હરીશભાઈ ચૌધરી અને આહવા તાલુકા પ્રમુખ ભરતભાઈ, આહવા તાલુકા ના હોદેદારો, ચૂંટાયેલા ગ્રામપંચાયત સભ્યો, સરપંચશ્રી, તાલુકા સદસ્યશ્રીઓ અને આહવા તાલુકાના કાર્યકર્તા હાજર રહયા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.